# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-06-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# YOGA STATE LEVEL CELEBRATION

બનાસકાંઠાના નડાબેટ ખાતે આવતીકાલે રાજ્યકક્ષાના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. રાજ્યના રમત-ગમત મંત્રી હર્ષ સંઘવીએ આ અંગે જણાવ્યું કે, મુખ્યમંત્રીના વડપણમાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ સૌપ્રથમ વખત ભારત-પાકિસ્તાન સરહદે આવેલ નડાબેટમાં યોજાશે. આવતીકાલે રાજ્યભરના કુલ ૩૧૨ મુખ્ય સ્થળોએ યોગ દિવસની ઉજવણી માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 6.40 વાગ્યે દેશવાસીઓને વર્ચ્યૂઅલ માધ્યમથી સંબોધન કરશે. જેનું જીવંત પ્રસારણ તમામ કાર્યક્રમોમાં કરવામાં આવશે.. રાજ્યમંત્રી મંડળના સભ્યો, સાંસદ, ધારાસભ્યો, પદાધિકારીઓ સહિત પ્રતિષ્ઠિત લોકો ઉપરાંત સામાન્ય નાગરિકો આ કાર્યક્રમમાં ભાગ લેશે.

# AMIT SHAH AND PATIL

તો આવતીકાલે યોગ દિવસ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદ ખાતે અને કેન્દ્રીય જળશક્તિમંત્રી તથા ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ સુરત ખાતે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

# GOVERNOR- YOGA APPEAL

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે યોગને જીવનનું અભિન્ન અંગ બનાવવા અનુરોધ કર્યો છે. રાજ્યપાલે  આવતીકાલે ઉજવવામાં આવનારા 10મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સૌને અપીલ કરતાં જણાવ્યું છે કે, દરેક વ્યક્તિએ દરરોજ યોગાસન અને પ્રાણાયામ કરવા જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રયાસોને કારણે 177 દેશોની સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પણ યોગનાં  પ્રસ્તાવનો સર્વાનુમતે સ્વીકારવામાં આવ્યો છે..

# Teka ne bhave kharidi

કેન્દ્ર સરકારે વર્ષ 2024-25માં ખરીફ પાકોની ખરીદી માટે વાવેતર પહેલાં જ ટેકાના ભાવની જાહેરાત કરી છે. ખેડૂતોને આર્થિક સુરક્ષા આપવા તેમજ તેમની ખેતી પેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવમાં ગત વર્ષની સરખામણીએ નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. રાજયમાં કપાસ, ડાંગર, જુવાર, બાજરી, રાગી, મકાઇ, તુવેર, મગ, અડદ, મગફળી અને સોયાબીન જેવા ખરીફ પાકોની શરૂઆત થાય તે પહેલાં જ કેન્દ્ર સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરાતાં ખેડૂતો હવે પોતાના પાકને મળનારા ભાવને ધ્યાનમાં રાખીને વાવેતર કરી શકશે.

# AMC- TREE PLANTATION

અમદાવાદ શહેરને લીલુંછમ બનાવવા અમદાવાદ મહાનગરપાલિકાએ શહેરના દરેક મુખ્ય ચાર રસ્તાઓ ઉપર વૃક્ષો વાવવાનો નિર્ણય કર્યો છે. આ માટે બગીચા વિભાગને તમામ ચાર રસ્તાઓનો સરવે કરવા માટેની સૂચના આપવામાં આવી છે.

મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, જે ચાર રસ્તા ઉપર ડિવાઈડરની વચ્ચે અને માર્ગની બંને તરફ મોટા વૃક્ષો વાવી શકાય તેવા સ્થળ ઉપર આગામી ઉનાળા પહેલા વૃક્ષો વાવવામાં આવશે.

# VARSAD

રાજ્યના હવામાન વિભાગે આજે વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીના છૂટાછવાયા સ્થળે ભારે વરસાદની આગાહી કરી છે.

વલસાડ જિલ્લામાં ગઇકાલે મોડી રાતથી વહેલી સવાર સુધીમાં યથાવત રહ્યો હતો. ગત 6 કલાકમાં સૌથી વધુ કપરાડા તાલુકામાં એક ઇંચ,

ઉમરગામમાં અડધો ઇંચ અને વાપી તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો હતો. વલસાડ જિલ્લાના અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે, જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન સૌથી વધુ ઉમરગામમાં અઢી ઇંચ જ્યારે વલસાડ તાલુકામાં 2 ઇંચ વરસાદ નોંધાયો હતો.

નવસારી જીલ્લામાં છેલ્લા 24 કલાકમાં નવસારી અને જલાલપોર તાલુકામાં એક ઇંચ, ચીખલી તાલુકામાં પોણા એક ઇંચ, ગણદેવી અને ખેરગામમાં સામાન્ય વરસાદ નોંધાયો....

નર્મદા જીલ્લાના અમારા પ્રતિનિધી દિપક જગતાપ જણાવે છે કે, આજે ધોધમાર વરસાદને કારણે રાજપીપળાના રહેણાંક અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઇ ગયા હતા.

## JAMNAGAR- POLIYO VACCINATIONA

જામનગર જિલ્લામાં આગામી 23થી 25 જૂન દરમિયાન પોલિયો નાબૂદી ઝૂંબેશ યોજવામાં આવશે. 23 જૂને 'નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે'ની ઉજવણીના ભાગરૂપે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના પાંચ વર્ષ સુધીના 94 હજાર 501 જેટલા બાળકોને જિલ્લાના આરોગ્ય કર્મચારીઓ દ્વારા પૉલિયોના ટીપા પીવડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઝુંબેશના પ્રથમ દિવસે 617 બૂથ પર બાળકોને, બીજા અને ત્રીજા દિવસે આરોગ્ય શાખાના કર્મચારીઓની 899 ટીમ બાકી રહેલા બાળકોને ઘરે- ઘરે જઈને પૉલિયોના ટીપા પીવડાવશે.